૯૮૦૩

ભર્તૃહરી નાટકનાં ગાયનો.

તરેહવાર રાગોમાં બનાવી.

પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત. ૩૦૦૦.

અમદાવાદ.

[illegible] ધી "[illegible]"

[illegible] છાપ્યું.


[illegible]

સંવત ૧૯[illegible] સને ૧૮[illegible]

[illegible]

૫૯૦૩

ભર્તૃહરી નાટકનાં ગાયનો.



પ્રભુ પ્રાર્થના.

સૂત્રધાર— (રાગ ભિમપલાસ.)

સમર હર હર શશિધર વર ચંદ્રશેખર,
અઘહર હર દુઃખ તાપ હે મહેશ્વર સમર૦ ૧
આશુતોષ સતિ પતિ કૃતિ અકળ ઐશ્વર,
પ્રણતપાલ દીનદયાળ ત્ર્યંબકેશ્વર. સમર૦ ૨
વિષધર ગલરૂંડમાલ શૂળ સુંદર,
નાગજાતિ હારી ભસ્મ ધારી સકળ સુખકર. સમર૦ ૩
અનૂપ રૂપ અખીલ યોગી ભવભય હર,
દાસ ત્રાસ નાશ કરો હે ગંગાધર. સમર૦ ૪
કરી કૃપા કૃપાળુ આપો સન્મતિવર,
જય જયકર બર અખુટકોપ શંકર, સમર૦ ૫

સોમદત્ત—(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી)

જય યોગીની જગદાધાર વ્હાર કરો મ્હારી,
દુઃખ દાળીદ્ર ટર સહુ દૂર દયા દિલ ધારી.
તુજ બિરૂદ વિચારી માત મનેચ્છા પૂરો,
મમ રોગ સોગ સંતાપ પાપદળ ચૂરો.
તુજ ભજન થકી પણ જો આવટ નહીં ભાગે,
તો ક્યાં જાઉં સુખી થવું કહો હે મહા ભાગ્યે !

કરી મયા હવે તતખેવ સુસેવક જાણી,
થાઓ પ્રસન્ન હરસિદ્ધ માત પ્રેમ ઉર આણી.

હરસિદ્ધમાત— (અલેખ જગાડે દ્વાર ખડા જોગી.)

કરન શીકર જરી મનમાં હવેથી
લેતું અમરફળ ખાતુ સુખેથી. કર. ૧
અમર થઇશ તું આ ફળ ખાધે
હર દુઃખ હર ભજી રોજ જીભેથી. કર. ૨

સોમદત્ત--(મનમાં) (અવરમદન અલબેલો.)

અમર થઇ શું કરવું આ ફળ ખાઇ અગર.
ભોગવી ભૂખમરો દુઃખ દોહાગ;
જીવ્યાથી તો ભલું મરવું. આફળ૦ ૧
સુખ સંપતિ વૈભવવર હોયતો;
સફળ આ ફળ ખાઈ ફરવું. આફળ૦ ૨
માટે જઈ ભર્તૃહરી ભૂપ આગળ;
ફળ નજરાણામાં ધરવું. આફળ૦ ૩
પ્રાપ્ત થશે ધન યશ સુખ તેથી,
એજ મતે અનુસરવું. આફળ૦ ૪

પીંગળા— ગીતિ.

સુણ દાસી તું મ્હારી, કર તૈયારી પૂજન કરવાની;
આશુતોષ આરાધી, ટાળું ઊપાધિ ઝટ મુજ મનડાની.

પીંગળા— દીંડી.

કેમ મનનો માન્યો નાથ હજુ નાવ્યો,
શું કોઈ કામણગારી રામાએ ભરમાવ્યો;
કરું શું રે સખી તે વિણ દુઃખી જીવન લખી સુખી હું થનારી,
ઝટ જનતું તેડી લાવ લાલ પ્યારી.

દાસી— (શું કામ તણી બલિહારી.)

બાઇ લગની શું એથી લાગી,
છે એ અધમજ મૂર્ખ અભાગી. બાઇ.
છે ગમાર ખાસદાર જાણે શું એ પ્યારેસાર. બાઇ ૧

સાખી.

અડ્યા થકી અભડાઇએ, સોબતથી સત જાય;
ધર્મ નીતિ કુળ રીતિ ને પુન્ય નિકંદન થાય. બાઇ. ૨
માળવપતિ મહિમાનીલો, વિદ્યા ગુણ ભંડાર;
તે તુમ આધિન છે સદા, છતાં ચાહો વ્યભિચાર. બાઇ. ૩

પીંગળા— (શ્રી જગતપતિ.)

ચુપ બોલ નહિં જરી ! નાદાન છોકરી;
તાબેદાર થઇ શું મ્હારી સ્હામે ઉચરી ?
જેની સાથે મનડું માન્યું, તેજ ખરો દિલદાર;
હોય ભૂપ પણ મન નવ માન્યું, તો કરવો તુચ્છકાર. ચુપ બો. ૧
છે ગમાર પણ યાર ખરો છે, કામ શાંત કરનાર,
કાળજડાની કોર ગણું કે હૈયા કેરો હાર. ચુપ બો. ૨

સોમદત્ત— (પ્રીય પ્રેમ ઝરણ ભરણ)

જય થાઓ સદા આપની સમસ્ત કામમાં;
સુકીર્તિતેજ વિસ્તરો દિગંત ઠામમાં. જ.
પ્રતાપ પ્રૌઢતો અખંડ અવનીમાં રહો,
ત્રય તાપ પાપ શત્રુ રોગ વન્હિમાં દહો. જ.
જીભાગ્રે સરસ્વતિ વસો શ્રી કોષમાં સદા,
ટોળે [illegible] ધર્મ સંત કેરી ટાળો આપદા, જ.

આરોગી અમરફળ પ્રભુ આ અમર થઇ સદા.
ગ્રહી પરમ ધરમ નેકટેક ફરજ કરો અદા. જ.

ભરથરી— (મુજ દેહ કૃતારથ)

મુજ જન્મ કૃતારથ આજે થયો
દેવીનો પ્રસાદ ભૂમિ દેવના હસ્તથી પામ્યો
જરા રોગ હવે દૂર ગયો. મુજ.
આભારી છું આપનો હું, બહુ શું મુખથી કહું;
હુકમ આધિન છું હું. કહો તે પ્રમાણે વહું;
ગામ ધામ ધન જાગીર કે અન્ય વસ્તુ જોઇએ તે
ફરમાવો ઝટ વડભાગી થયો. મુજ. ૧

ભરથરી— આર્યા.

પ્રાણ પ્રીયા વિણ ફળ આ, ખાઇ અમર થઇ કરૂં શું હું જગમાં,
થાય અમર જો પ્યારી, તો મમ જીવીત ધન્ય ખરે જગમાં.

પીંગળા— (આતે શું સ્વપ્ન કે)

પ્યારા પ્રાણધાર છો, યાર મારા.
હૈયા કેરા હાર છો, યાર મારા.
સાચા દિલદાર છો, યાર મારા.
મારા સરદાર છો, યાર મારા,
તુમ વિણ તુચ્છ ગણું જગ વહાલા.
મમ યૌવનના શણગાર છો યાર મારા.

સાખી.

જાણુ લાખ માળવ પતિ, રહુ સદા આધીન
તદપિ તજી તેને ખરે, થઇ તુમ સાથે લીન.
પ્રીતિની રીતિ અજબ છે સ્વામી;
પૂરવ પુન્યથી તમને હું પામી,
ભોગી ભ્રમર ભરથાર છો યાર મારા. ૧

અશ્વપાલ— (લાવણી)

તું આશક મેં માસુક જાની, ફીદા હુવા તુજપર પ્યારી;
ચૈન પડે નહીં મુજકું અબતો, લગન લગી હૈ મતવારી.
મોજ મજાહ ઉડાવો રંગીલી, અમન ચમન મસગુલ હોકે;
ગયા વખ્ત ફીર હાથ ન આવે, કહું સચ્ચ ન પરો ધોખે.
શરાબકી પ્યાલી ભર વ્હાલી, પીઓ પીલાવો મેરી જાન;
જુદાઇ જાનોન જાતી અબતો, મેં તેરેપર હું કુરબાન.

પીંગળા:— (થયાછોરે પતિ તેજ પ્યારી તનના)

પ્યારાછોરે તમે પ્રાણથી પ્યારા મારા નાથ રસિક છેલા.
તન મન ધન અરપણ કરી તમને, બની દાસી ખાસી હા-
તમ સંગે, ઉમંગે, રહું રંગે, અંગો અંગે. બેઠી પડી
કરૂં પ્રીય સફળ મમજીવન અલબેલા. પ્યારા.
સુખ વૈભવ આ રાજપાટ સહુ, તુમ વિણ દુઃખ નિદાન.
મનમાંહે, દુઃખ થાયે ન સોહાયે જીવજાએ
પણ પરવસ જરીહુંમમ પ્રિયતમ અરે પ્રેમ ઘેલા. પ્યારા. ૨

ભરથરી— (પ્યારા મન મળવાને વ્યાકુળ થાયે.)

વ્હાલા તમ વિણ મમ મન અકળાય,
પ્રેમ બાણ મારી કીધો કારીધા અસહ્ય ભારી દુઃખ ન-
ખમાય, ધબરાય, જીવજાય, મહારાય, કરો સહાય
મમ મન અકળાય વ્હાલા.
જીવ વિનાની કાયા જેવી, તમ વિણ હું પ્રીય દિશું તેવી.
મમનાથ અહી હાથ રહી સાથ બાંડીનાથ પ્રીય પ્રીતમ;
રહો અહીંતો સુખ થાય. વ્હાલા.

ભરથરી— (બરસાદ શામપાની)

હો રંગ રસની ભીની પ્યારી, તું વાત શ્રવણ કર મ્હારીરે રંગ.
તુજ સુરત કતલી પર પેલો, ભમર હું છું પ્રીતકારીરે રંગ. ૧

કાયાથી છાયા જુદી શું પડશે?, જો જો? રસીલી વિચારીરે રંગ. ૨
મન તો ચાહે છે અંહી અહનીસ વસવા, માનુની મોહનગારીરે રંગ. ૩
પણ શું કરૂં હું રાજ્ય પાસમાં, ફસાયો છું સુકુમારીરે રંગ. ૪
અન્ય જુદાઇ ન જાણો ચતુરા, સત્ય કહું છું પ્રાણ પ્યારીરે રંગ.૫

પીંગળા-- (નિરબળ શત્રુ સબળ રાજ્યપર)

અરે ! અલૌકિક ફળ આ આજે, કયાંથી મળ્યું મારા સ્વામી,
જોતાં દિલ થાય શાંત રસીલા, પૂરવ પુન્યવડે પામી.
સાચે સાચું કહો પ્યારા મારા આજે મનેરે, દેવકે મનુષ્યે ધર્યું આપ કનેરે
પ્રાસન કર્યેથી કામ શું શું બનેરે સાચે. અરે.

ભરથરી— (ડરમાં તું દીલ સાથ)

મળ્યું વિપ્રથી વરફળ એહ, ખાધેથી થાય અમરવર દેહ,
પ્રેમની ક્યારી પ્રાણથી પ્યારી, પ્રાશન કર તું એ વરફળ પ્રીતે,
અમર થઇ સુખ આપો સુરીને, તેથી સકળ પરિતાપજ વીતે,
પ્રીયે સાચો દિપાવીશું સ્નેહ. ખાધેથી.

પીંગળા— **ગીતી.**

પ્રાશન કરીશ પ્રભાતે પૂજન કરીને પ્રેમ સહીત પ્યારા;
પણ પ્રભુ પ્રેમી હવેથી, રહો નહી તમે નિમિષ એક ન્યારા.

વિક્રમ (ગઈ ગ્રીષ્મ થયું)

વદું વચન શું વ્હાલા ભાઈ છે સમાચાર દુઃખદાઇ;
વધી રાજ્ય વિષે લુચ્ચાઇ, નથી ન્યાય તણી સાચાઇ.
ઠગ ચોર ચુગલને જુગારી, પાખંડી પાપી વ્યભિચારી,
છળી દુષ્ટ કર્મ કરે ભારી, વધ્યું અંધેર, વરતે છે કેર,
વેરને ઝેર, અનીતિ છવાઇ. છે સમાચાર. ૧
જે રાજ્ય કાજ અધિકારી, લ્યે રૂસ્વત નીતિ વિસારી;
તેથી પ્રજા પીડાએ ભારી, મારે માહસંપ, [illegible]
પ્રજા સુખી થાય તોજ સુખદાઇ. છે સમાચાર. ૨

ભરથરી— (**નાથ નવ કરો**)

બંધુ મ્હારા પીડા પ્રજાનીરે
સુણી સંતાપ, થયો અમાપ, તે પરિતાપ.
ઝટ તું કાપ આશા આપું સુજાણીરે. બંધુ ૧

લેવી ઘટે સલાહ જો કદાચ મ્હારીરે
તો હવેથી લ્યો સુખેથી કહું મુખેથી કર તુ નથી
કાર્ય નિજનું જાણીરે, બંધુ ૨

પીંગળા— (**યોવનમદમાં લચકેલી**)

સખી નાવ્યા લાલ હજુ કેમ ન મ્હારા છબીલી.
થઇ ડાહ્યા, શું રીસાયા, તજી દાયા, કેમ માયા, વિમારી મુજને
શાથી વ્હાલે છબીલી. સખી. ૧

સખી—ધીરજ ધરો નહી અકળાઓ રસવેલી
અલબેલો, રસઘેલો, છાકેલો, વ્હેલો વ્હેલો, આવશે હમણાં કલ્પાંત કરે શું ઘેલી. ૨

પીંગળા— (**ઓ અલબેલા આવો આવો**)

ઓ રંગીલીના પધારો પધારો પધારોને રાજ;
જંખુંછું જંખુંછું જંખુંછું જંખુછું આપનું નામ. ઓ.
વ્હાલાના નામનું ધ્યાન ધરૂં ગુણગાન કરૂં
જોઉં વાટડી જાની, ખાવું કે પીવું કે ગાવું કે ન્હાવું કે
સુવું કે વાત ન ગોઠે રહેલાની, રટું એક નામ તજી સહુ કામ
રૂદેના રામ વદું સત્ય વાણિ, કામણગારા રહો ન ન્યારા પળ
જુગ જેવી જાય વારી જાઉં છબીલા. ઓર.

પીંગળા— (**જોજોને પેલોકુમાર**)

સિરતાજ મારા પ્યારા આરોગો આ ફળ આપ,
આ ફળ ખાવ તે અમરજ થાવછે.
[illegible] પ્રતાપ મોરા. ૧
[illegible]

ટાળીશું તનના સહુ તાપ મારા. ૨
જીવીત ધન્ય મુજ આપ જીવનથી
નહી તો પરિતાપ અમાપ મારા. ૩

અશ્વપાળ--(આવો આવો અલબેલા છેલા આઘડી)

જીવો જીવો જીવો મેરી પ્યારી જાનતું
બર લ્યાઇ અરમાન દિલોજાન તું. જીવો.
શાબાસ શાબાસ તુંને બ્હોત શાબાસ હૈ
દિલબર માસુક તુને કયા દઉં ? શાબાસ હૈ;
મોહબતકા માયના જાના સબાસ હૈ. જીવો. ૧
કલ્સગુબોમેં ખાઉંગા પ્યારી, અમર હોઉંગા અયે મતવારી,
વ્હાતી હૈ મુઝે દિલોજાંસે તું ભરી. જીવો. ૨

પીંગળા— (ગરહુમને દિલ સનમકું દીયા)

શું સતાવે છે વિક્રમ તમને?, ઠીક ઘડું તેનો ઘાટ,
રાજ પાટ હાથથી, છોડાવીદેઉં તમ માટ. શું. ૧
દેશવટો દેવડાવું કાલે, તો ખરી ક્ષત્રી સુતાજ,
સાપ કેરા રાફમાં કર, નાખ્યે થાય અકાજ. શું. ૨
માળવપતિ કરે છલ્યા તુમપર, તો તેને હરૂં હર
(તો) વિક્રમો શું વિસાદમાં છે, કહો મારા સરદાર ? શું. ૩

અશ્વપાળ— (બીહાગની ગજલ)

યહ પળ દેઉં મેરી આસનાકું, તો ખુબ મજાહ પડે
હોગી અમર તો યહ બંદેકી, કયા બહાર ઉડે. યહ. ૧
અંસ આરામ હુસનુંમાસે, લેઉંગા મઝે અચ્છી
ખુદા શુક્ર કરે જો મોપે, તો બાત હૈ સચ્ચી. યહ. ૨

ગુણિકા— (મારો પાવન કરીઓ પલંગ)

મ્હારા શોખીલા રંગીલા છેલ, મોજીલાજી મન ગમતા છો
દીસો આજે આનંદમાં છેલ મોજી

કહો કોડીલા કંથજી, રંગ રસીલી વાત.
શું લાવ્યા ? સતાર્ડીને કદી ક્યા રમીવા ગાત. મોહ. ૧

અશ્વપાળ— (જળ ભરન જાત જમુનાકે)

લાયા અમર ફળ અગે અલબેલી, તાર્ગીક ઇનાકા ક્યા કરે ગે.
ખાવે અમર ફળ અમર હો જાવે, આવ બલા સબ જાય પરે લાય ૨
અમર હો જાત મઓ ખાકે મગર મેરે, તેરે બીન ક્યા કામ મંગે લાયા ૨
મગીલીઓનું બા દિલજાની, મેહનત મેંગી આવેગી મજરેગે લા. ૩

ગુણિકા— (ત્રેતાલી ચોપાઇ)

વાહ વાહ જાની ઉગર છે સાગર,
કરવા અમર આ કરીઓ પ્રયાસ.
હું અભાગી અતિશે તમારી,
વારં વર જાઉં બલીહારી:
આજ્ઞા આપની માથે ચઢાવી,
પ્રાશન કરીશ પ્રભાતે ન્હાવી.

ગુણિકા— (રાગ સીતાજીના મહિનાનો)

કીધાં પુરવે પાપ અમાપ, જેથી વેશ્યા થઇ ખરી,
કરી દુષ્ટ કર્મ અનાચાર, છળથી પરધન હરી. ૧
એવો અધમાધમ અવતાર, છતાં ફળ ખાઉંને,
થવા અમર ચાહે કોણ આપ?, મૂર્ખ ગણાઉંને ૨
જે છે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, મહીપતિ ગુણ નીધાન;
થવા અમર યોગ્ય એ રાય, રસિક રસ રંગીલા. ૩
કરૂં ભેટ આ ફળ જઇ નેટ, થશે કામ તે થકી,
ધન દોલત ને સાબાસી, મને મળશે નક્કી. ૪

ભરથરી— (મલપતી .તલપતી)

લટકતી મટકતી ગજ ગતીરે, ક્ષતીબાર નથી દુજે સગી રતી, સતી.
[illegible] મોહની.છે. મોહક રસીલી,

હરખતી અનૂપ છે સુખાકૃતીરે. રતી. રતી. ૧
મંદ મંદ હાસ્ય મધુર વચન મન વેધક,
પ્રીતિ પાત્ર પ્રેમીનજરે નિરખતીરે રતી. ૨
ચેટકવડે ચોર્યું ચિત મ્હારૂં તે તો ચતુરા,
થઈ રહ્યો આધિન બાળના પતિરે રતી. ૩
ત્રણશત સાઠ સ્ત્રીઓ તજી તુજ સાથે,
અહર્નિશ રંગે રમું છું રતિરે. રતી, ૪
ખાનપાન ગાન તાન જ્ઞાન ધ્યાન ગોઠે નહિં
લાગી છે અખંડ તુજ વિષે વૃત્તિરે. રતી. ૫
અનંગ રંગ રમા સંગ રમીયો ન જે નર,
વ્યર્થ ખોયો જન્મ પામ્યો અવગતીરે. રતી. ૬

પીંગળા— (મોહીરહ્યોછું મંદ હાસ્યમાં)

ચરણકમળ ચિત ચાહું છું રસિક્ષા પ્યારા ચરણ.
તન મન ધન જીવન કર્યું અરપણ;
અહર્નિશ રાજ ગુણ ગાઉછું. રસિ. ૨
પ્યારા પ્રાણના પ્રેમમાં બની ઘેલી;
વદન નિરખી મગન મગન થાઉછું. રસિ. ૧
જરી આપનો જો વિયોગ થાય વ્હાલા.
તો હું અધિક અકળાઉં છું રસિ
શ્યામ સલુણા કશી કમી નથી મ્હારે,
રસિક રાજ્ય પ્રેમથી રિઝાઊંછું. રસિ.

ભરથરી— ગીતી.

ચિંતા કરો નહિ ચતુરા, છે બંધુ પણ મુજ દ્વેષી તેથી.
દેશવટો દેઉ આજે, સત્ય માનીતું દે ચુંબન સ્નેહથી.

વિક્રમ-- (પડયો છું વિખુટો પ્રિયા.)

પ્રીય ભ્રાતા મ્હારા આજ આ, શું વદો મુખથી આપ.
ભરમાવ્યા કોઇ ભમરે કે વામ વિધિની છાપ,
વર્ત્યો નિરંતર નીતિથી કરી ન અનીતિ કાંઇ;
છતાં વદો શું વેણ આ, સુણી ઉપજે અતિ પરિતાપ. પ્રીય. ૧
કોઇ દુષ્ટે કદિ ખોટો ઠસાવ્યો, હોય જો વ્હેમ અધિક;
કરીયે સત્ય તપાસ નહીતો બહુ થાએ પશ્ચાતાપ. પ્રીય. ૨

ભરથરી-- (ક્ષત્રીકલંક)

બસ બસ બોલ ન તું એકે વેણ જાણુ છું ચતુરાઇ તારીરે-
પરખ્યાં તારાં કપટી કુડાં કેહેણુ જાણુ છુ.
સોંપ્યું સરવસ રાજ્યનું કામ. જા. થયો છેવટ તું નિમક હરામ. જા.
જે માતુ સમાન મુજ નાર, જા. કરી તે પર કુદ્રષ્ટી છે ધિ:કાર, જા
બદ્રિફળ સમ તુજ કૃતિ ખાસ, જા. જોઇ અધિક થયો છુ ઉદાસ, જા
કર કાળું તારૂં મુખ તો અદીઠ. જા. પાપી કર્યું સહુ કામ અનિષ્ટ, જા
હોત અન્યતો લેત તુરત પ્રાણ, જા. જાણી બંધુજ તો કરો સત્યજાણ.જા

વિક્રમ-- (વૈદર્ભિ વનમાં વલવલે)

અસત્યવાત છે ભ્રાત એ, જાણે આપ જરૂર; કરી ન કુદ્રષ્ટિ-
કદિ સ્વપ્નમાં, આણો શંકા ન ઉર, કાર્ય વિચારી કરો પ્રભુ ૧
નારી નેહ સત્ય સમજીને, તજો બંધુને આપ
પણ પાછળ પસ્તાવો થશે, જાણશો કપટ પ્રતાપ કાં. ૨

વિક્રમ-- (ક્ષત્રીજાયો નહીંદ ગુમાવી.)

નારી પ્યારમાંહે થશો ખ્વાર.બહુ બન્ધુ મારા-

ભરથરી-જારે જા ગમાર, ભમે શીર કાળ સહ દુર હઠ થશો.
કાલે અપમાન અતિ જારે ખરે, થશે પુરી વાત હરી જા.િ

ભરથરી--ઠીક છે-

વિક્રમ--જોે જો પ્યાર-

ગુણિકા- (પ્રેમ વચન શરથી મન વિંધી)

રહો અમર રાજ મહારાજ સદા
વધો પ્રૌઢ પ્રતાપ દિગંત સુધીરે— રહો. ૧
ભાગી છળ ભાગ થાઓ ખચિતજ ખડન,
તેમ વરો નવનિદ્ધિ રીદ્ધિ સિદ્ધિરે- રહો. ૨
સંપ સુયશ સુખ સંપત નિત્યે પામો વૃદ્ધિ પ્રભુ ગુણ ગુમુદ્ધિરે. રહો.૩

ભરથરી- (હા થયા શા હાલ મારા.)

અરે ! અમરફળ આ ગુણિકા કને આવ્યું શી પેરે,
પ્રાશન કર્યું જો પતિએ, કરી પ્રતિજ્ઞા ખરે. અરે. ૧
પ્યારી મારા સોગંદ તો કદી, ખાયે નહી વૃથા;
તેમ નથીઆ અન્ય આમરફળ. જાણું સર્વથા- અરે. ૨
હશે પ્રપંચ શું આ રચનામાં, જાણવું તે જરૂર;
સત્યાસત્ય તપાસીને, કરૂં ચિંતા સહુ દૂર. અરે ૩

ભરથરી-- (આશો કોપ મુજપર)

છે ધિક્કાર આ નારી ધુતારી, તજ્યો વિશ્વાસ બધું ધિક્કારી છે.
જીવ જીવન ગણ્યાં સરનવ મેંતો, બાંધ્યો પૂરણ પ્યાર;
યશ આધિન રહ્યો હું નિરંતર, છતાં કર્યો વ્યભિચાર. છે. ૧
નીચનિર્ગુણિ યાર સંગાથે, લીન થઇ ઠગ્યો નાથ;
ભ્રાત વચન નવ માન્યુ મેં તેથી, થયો ખરેજ અનાથ. છે. ૨
ભ્રાત વિક્રમા તુજ હિત વચનેં, આવે યાદ આવારે;
હાય હાય નારિનેદોં દુઃખ દેઇ, પ્રભુનો બન્યો ગુન્હેગાર.

ભરથરી—   (દેખી તેરી વફાદારી)

કરો કદિ ન વિશ્વાસજ આનો, છે એ કુડ કપટનો ખજાનો કરો.
એકને મુખથી મિષ્ટ વચન કહી, ખુબ રીઝવે બોલે,
આંખ ઇસારો વળી બતાવે અન્યને,
મનમાં અવરને ધ્યાવે, વાત ગજબ બનીએ   કરો. ૧
મુખમાં અમૃત મનમાં અતિ વિષ. ભર્યું છે મારા ભ્રાતા
ચુખમઈ સમજી તેના મર્મ, ભૂલ્યો છું હે જગત્રાતા વાત-કરી
વિષયા લંપટ પાપી બન્યો હું, પતન થાવા કાજે,
જગત નિયંતા શરણું ગ્રહું તુજ, સત્ય ભાવથી આજે. વાત-કરી

ભરથરી— (ભેખરે ઉતારો રાજા ભરથરી.)

નારી નરકની ખાણ છે, નારી દુઃખ ભંડારજી,
કપટ કુડની છે મંજુષા, નથી જરી નારીમાં સારજી-
ભામની ભરોસે કોઇ નવ ભૂલશો. ૧
સમ વ્યસનની નિશાળ એ, અવગુણ સઘળા છે ખાસજી;
નેમ પ્રેમ સહુ પ્રપંચના, જુઠા છે વચન વિલાસજી. ભામની. ૨
દુઃખપ્રદ દૃષ્ટાંતને સમજીને, તજી રટશે જે રામજી,
તે નર સુખી જગમાં સદા, સફળ થશે સહુ કામજી. ભામની. ૩

પીંગળા— (દાઝ ઉઠી છે દુઃખની દિલમાં.)

શું કરૂં હવે સાખી સાહેલી, નાથ વિરહે શી રીતે રહું, શું.
બની કામાંધ કુકર્મો કર્યા બહુ, સત્ય સુનીતિ શિયળ તજી સહુ;
કર્મનણી કથની શું હું કહું, હવે મમ જીવ અતિ દહે. શું. ૧
[illegible] પ્રપંચ કરી નિત પતિને, છેતરી પોષી પાપી વૃત્તિને,
[illegible] નિજ [illegible] મતિને, હાય કરૂં શું હું હવે. શું. ૨

ભરથરી— **(પૂર્ણ થયો ને ખેલ.)**

અલખ નીરંજન ઇશ ભજુ હવે અલ.

પતિત પાવન અધમ ઉધારણ, જગપાલક જગદિશ. ભજુ. ૧

સ્વપ્ન સમાન જુઠી જગમાયા, જાણી વિશ્વાવિશ ભજુ. ૨

યોગી વેષ ધરી ગીરી વનમાં, વસી રહું પ્રભુ અહનિશ. ભ. ૩

જોગીઓ—અહા અલેખ જાગે ગુરૂજી-

ભરથરી—કીસીકા બેટા કીસકી બ્હેની અહા.

રાજપાટ તજી હાટ જગતકે, રામચરણ ચિત લાગા

હરીહર સ્મરણ નીરંતર કરકે, હોઉં પરમ સુભાગા.

આશા અવર ન હૈ અબ મુજકું, સીરફ મુક્તિકી આશા,

દે દિક્ષા શિક્ષા સતગુરૂજી, બનાદો હરિકો દાસા. ગુરૂજી.

દાસી— **(અરે લાલદેવ ઇસ તરફ જલ્દ આ.)**

બની યોગી આવ્યા બાઇ ભૂપતી

ઉભા દ્વારમાં માગે ભિક્ષા સતિ.

ગળામાં છે શેલી શીંગી પ્રીયનાથ;

કાને મુદ્રા ધારી છે ખપ્પર હાથ.

માતા કહી માગે છે ભિક્ષા ખરે

અહો થયું આશું અનિષ્ટ અરે

પીંગળા— **(મેનાવતી માતા નીર ભર્યાંરે)**

પ્રીય પ્રાણ પ્રીતમજી ભેખ તજી દ્યો કૃપારે કરી

થઇ વિહ્વલ હું કામાવેસથી, કર્યાં કુકર્મ અગાધ,

કૃપા પાત્ર થઇ આપદાશીનો, માફ કરો અપરાધરે. પ્રીય. ૧

હવે ચૂક નહી પડશે કહિયો, કહુ સત્ય કારજોડ

નાથ દયા કરી ભેખ પરહરી, પૂરો મનના કોડ. પ્રીય. ૨

ભરથરી- (રાગ સદર)

મેરી મૈયા જલ્દી ભિક્ષા દેનેરે સત્ય ધર્મકી,
ઐસ આરામ અરૂ ઇસ્કબાજી સબ, છોડાયહ સંસાર
રાગી નહી મેં હુવા વૈરાગી, ક્રોધ માનમદ મારરે મેરી.૧
તું નહી મેરી મે નહી તેરા સત્ય સમજ તું મૈયા,
વિષય વાસના વ્યર્થ હે સબ યે, સત્ય હે રામ રૂપૈયારે મેરી ૨
રામ નામ રટ રસનાસેં તું, હોગા બેડા પાર,
ભિક્ષા ધર્મકા મૈયા દે દે, અબ ન ઔર અધિકારરે મેરી-૩

પીંગળા- (પ્રાણનાથ પ્રાણનાથ પ્રાણનાથરે.)

અરર અનાથ કરી નાથ કયાં ગયા,
વ્હાલી અતી હતી પણ રાખી ન દયા,
ઉજ્જેણીને આપ્યો છે રંડાપો પ્રાણધાર
તમ વિના પ્યારા લાગે સુનો આ સંસાર,
અરે કામ કોટી કોટી તને છે ધિક્કાર !
ચૂકાવી સત્યથી મને કીધી ગુન્હેગાર.
પાવન થવાજ પાપી દેહને દહી
મુક્તિ સુખ પામું સેવી શંભુને સહી.

ભરથરી—(મત ડરરે ધર ધિરજ ધિરજ તું મનમેં.)

વૃષભધ્વજ ભજરે તજ આશ અવર મન મેરા, સબ જુઠ-
જગતકા સ્વપ્ન નહી કોઇ યહાં હે અપના, સતસંગ સજરે તજ. ૧
ધ્યાન નિરંજનકા ધરો, ભરો સુકૃત ભંડાર, તરો દુઃખદ-
[illegible] દધિ, વરો મુક્તિ વરનાર. શીવ શીવ શીવ ભજરે તજ.

સર્વપાત્રો - નાથ કૈસે ગજકો બંધ છોડાયો.

નાથ ભવ પાશથી પાર ઉતારો,
દુઃખ જન્મ મરણનાં વારો નાથ.
નથી જગમાં સુખ જરીએ ત્રાતા
સુત વિત નારી સંયોગે
દુઃખદ પ્રપંચીએ માયા મમ છે
છે સુખ તેના વિયોગે—નાથ. ૧
ભાગવપતિનું વૃત્તાંત વિલોકી,
નાર અંધા નર નારી; સતમાર્ગે વિચરો હે વિરની,
ભ્રમ જડ માયા વિસારી. નાથ. ૨
શિવ આગમન સમ સુખ સાધન,
અન્ય નથી પ્રિય ભ્રાતા;
માટે ભજતે સહુ ભવ હરિ તારણ
સુખદાતા ભય ત્રાતા. નાથ. ૩

